વરદર્શી–લોકાલોકને જોવાવાળા જિન ભગવાને 'ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય, એજ લોક છે' એમ કહ્યું છે.

एव सामान्यरूपेण प्रसिद्धो लोकः-अनन्तरोक्तद्रव्यषट्कसमुदायरूप इति भाव ।

कालस्य—(१)-अरूपित्वम्, (२)-अचेतनत्वम्, (३)-अक्रियत्वम्, (४)-वर्त्तनाहेतुत्वं चेति गुणाः । (१)-अतीतत्वम्, अनागतत्वम्, (२)-वर्त्तमानत्वं, (३)-अगुरुलघुत्वं चेति पर्यायाः ।

अयं द्रव्यक्षेत्रकालभावगुणभेदेन पञ्चधा ज्ञायते । यथा-द्रव्यत एकः कालः क्षेत्रतः-अर्द्धतृतीयद्वीपप्रमाणः, कालतः-आद्यन्तरहितः, भावतः-अरूपी-वर्णगन्धरसस्पर्शवर्जित इति, गुणतः-वर्तनालक्षणः, इति ।

वरदर्शी-लोकालोक को देखनेवाले जिन भगवानने धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, काल, पुद्गलास्तिकाय और जीवास्तिकाय; इन सबको अर्थात् इनके समुदाय को लोक कहा है ।

उपरिनिर्दिष्ट छ द्रव्यों के समुदाय को भगवानने सामान्यतया लोक कहा है ।

काल के-अरूपित्व, अचेतनत्व, अक्रियत्व, वर्त्तनाहेतुत्व, ये चार गुण हैं । अतीतत्व, अनागतत्व, वर्तमानत्व, अगुरुलघुत्व, ये चार पर्याय हैं ।

यह काल-द्रव्य, क्षेत्र, काल, भाव और गुण के भेद से पांच प्रकार से जाना जाता है । जैसे—द्रव्य से काल एक है, क्षेत्र से समयक्षेत्रप्रमाणवाला, काल से आद्यन्तरहित, भाव से अरूपी, अर्थात् वर्ण-गन्ध-रस-स्पर्श-रहित, और गुण से वर्तनालक्षणवाला है ।

ઉપર દર્શાવેલા છ દ્રવ્યોના સમુદાયને ભગવાને સામાન્ય રીતે લોક કહેલ છે.

કાળના-અરૂપિત્વ, અચેતનત્વ, અક્રિયત્વ અને વર્તનાહેતુત્વ, એ ચાર ગુણ છે. અને અતીતત્વ, અનાગતતત્વ, વર્તમાનત્વ, તથા અગુરુલઘુત્વ એ ચાર પર્યાય છે.

આ કાળ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણના ભેદથી પાંચ પ્રકારે જણાય છે, જેમકે-દ્રવ્યથી કાળ એક, ક્ષેત્રથી અઢીદ્વીપ પ્રમાણ, કાલથી આદ્યન્તરહિત, ભાવથી અરૂપી-વર્ણ-ગન્ધ-રસ-સ્પર્શ-રહિત છે, અને ગુણથી વર્તનાલક્ષણવાળો છે.

समयावलिकादिसूक्ष्मकालस्तु सूर्यादिज्योतिष्काणां गत्या नावगम्यः, अतिसूक्ष्मत्वात्। तस्मात् कालव्यवहारोऽर्धतृतीयद्वीप एव। अर्द्धतृतीयद्वीपाद्बहिर्जीवानामायुष्कादिगणना तु मनुष्यक्षेत्रप्रसिद्धप्रमाणेनैव भवतीति ज्ञेयम्।

एकोऽपि कालोऽतीतानागतपर्यायभेदैरनन्तः, अत एव भगवता-"अणंताणि य दव्वाणि कालो पुग्गल जंतवो" इत्युपदिष्टम्। वर्तमानसमयस्य तु पर्यायत्वेऽपि नानन्त्यम्, एकरूपत्वात्।

निश्चयनयेन तु "लोकव्यापी कालः' इत्यवसीयते, अत एव भगवता-"धम्मो अधम्मो आगासं कालो पुग्गल जंतवो। एस लोगोत्ति पन्नत्तो जिणेहिं वरदंसिहिं"। इत्यभिहितम्। धर्मोऽधर्म आकाशः कालः पुद्गला जन्तवः। एष लोक इति प्रज्ञप्तः, जिनवरदर्शिभिः। इति च्छाया।

काल यद्यपि एक ही है, तो भी वह भूत-भविष्यत्पर्याय भेद से अनन्त है इसीलिये भगवानने कहा है—'अणंताणि य दव्वाणि कालो पुग्गल जंतवो' इति।- काल, पुद्गल और जीव, ये सभी अनन्त हैं। वर्तमान समय पर्यायसहित होते हुए भी अनन्त नहीं है, क्योंकि वह एक ही है।

निश्चयनय से तो काल लोकव्यापी माना जाता है, अतएव भगवानने कहा है—

"धम्मो अधम्मो आगासं, कालो पुग्गल जंतवो।
एस लोगोत्ति पन्नत्तो जिणेहिं वरदंसिहिं" ॥ १ ॥

જ્યારે કે કાલ એક જ છે તો પણ ભૂત ભવિષ્યના ભેદથી અનન્ત છે, તેથી ભગવાને કહ્યું છે-'अणंताणि य दव्वाणि, कालो पुग्गल जंतवो' इति, કાલ પુદ્ગલ અને જીવ એ દ્રવ્યો અનન્ત છે. વર્તમાન સમય પર્યાયસહિત હોવા છતાં પણ અનન્ત નથી કેમકે તે એક જ છે.

નિશ્ચયનયથી તો કાલ લોકવ્યાપી માનવામાં આવે છે આથી ભગવાને કહ્યું છે કે-
"धम्मो अधम्मो आगासं कालो पुग्गल जंतवो।
एस लोगोत्ति पन्नत्तो जिणेहिं वरदंसिहिं"॥

વરદર્શી-લોકાલોકને જોવાવાળા જિન ભગવાને 'ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય, એજ લોક છે' એમ કહ્યું છે.

पुद्गललक्षणम्—

रूपवत्त्वं पुद्गलानां लक्षणम्, अत्र रूपं मूर्तत्ववर्णादिकम्। यद्यपि परमाणुप्रभृतयः सूक्ष्माः पुद्गलास्तेषां गुणाश्चातीन्द्रियतया नेन्द्रियैर्गृह्यन्ते तथापि बादरस्कंधरूपे परिणामविशेषे तेषामेवेन्द्रियग्राह्यतया रूपवत्त्वं प्रतीयते।

अतीन्द्रिये परमाणुप्रभृतिपुद्गलेऽतीन्द्रिये धर्मास्तिकायादौ चैतावान् विशेषः- धर्मास्तिकायादीनामिन्द्रियविषयत्वाभावादतीन्द्रियत्वमरूपित्वं च, परमाणुप्रभृतिपुद्गलानां त्वतीन्द्रियत्वेऽपि रूपित्वमिति।

पुद्गल का लक्षण—

पुद्गलोंका लक्षण 'रूपवत्त्व' है। जिस में रूप, रस, गन्ध, और स्पर्श पाया जाय अर्थात् जो मूर्तिक हो, वह पुद्गल है। यद्यपि परमाणु आदि पुद्गल बहुत सूक्ष्म हैं, और अतीन्द्रिय होने के कारण उनके गुण इन्द्रियों द्वारा नहीं ग्रहण किये जाते, तथापि जब उन पुद्गलों का बादर स्कन्ध के रूपमें परिणमन होता है तब वे इन्द्रियोंद्वारा ग्राह्य हो जाते हैं और उनका रूपवत्त्व प्रतीत होने लगता है।

परमाणु आदि अतीन्द्रिय पुद्गलों में और धर्मास्तिकाय आदि अतीन्द्रिय द्रव्यों में इतना अन्तर है कि-धर्मास्तिकाय आदि अरूपी द्रव्य कभी इन्द्रियों के विषय नहीं होते, अतः वे अतीन्द्रिय और अरूपी हैं, किन्तु परमाणु आदि पुद्गल अतीन्द्रिय होने पर भी रूपी हैं।

પુદ્ગલનું લક્ષણ—

પુદ્ગલોનું લક્ષણ રૂપવત્ત્વ છે; જેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ જોવામાં આવે અર્થાત્ જે મૂર્તિમાન હોય તે પુદ્ગલ છે. જો કે પરમાણુ આદિ પુદ્ગલ બહુ જ સૂક્ષ્મ છે અને અતીન્દ્રિય હોવાના કારણે તેના ગુણ ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ કરી શકાતા નથી; તો પણ જ્યારે તે પુદ્ગલોનું બાદર સ્કંધના રૂપમાં પરિણમન થાય છે, ત્યારે તે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ થઈ જાય છે, અને તેનું રૂપવત્ત્વ પ્રતીત થવા લાગે છે.

પરમાણુ આદિ અતીન્દ્રિય પુદ્ગલોમાં અને ધર્માસ્તિકાય વગેરે અતીન્દ્રિય દ્રવ્યોમાં એટલું અંતર-ફેરફાર છે કે-ધર્માસ્તિકાય આદિ અરૂપી દ્રવ્ય કયારેય પણ ઇન્દ્રિયોનો વિષય થતા નથી, તેથી તે અતીન્દ્રિય અને અરૂપી છે, પરન્તુ પરમાણુ આદિ પુદ્ગલ અતીન્દ્રિય હોવા છતાંય રૂપી છે.

अथ पुद्गलास्तिकायः ।

तत्र-पुद्गलशब्दार्थः ।

पूर्यते=संहन्यते-परस्परं संयुज्य संघीभूय नूतनघनघटावदेकीभवति, गलति च=विच्छिन्नमुक्तावलीमणिवद् विकीर्णो भवति-इति पुद्गलः । पूरण-गलन-धर्म इत्यर्थः । पुद्गलश्चासावस्तिकायश्चेति पुद्गलास्तिकायः ।

पुद्गलास्तिकायस्य घटादिकार्यान्यथानुपपत्तेः प्रत्यक्षदर्शनाच्च सत्ता सिद्धैव ।

पुद्गलास्तिकाय—

'पुद्गल' शब्द का अर्थ—

आपस में मिलकर इकट्ठे होकर नवीन घटपटादि के रूप में जो एकमेक हो जाते है, और जो गल जाते हैं अर्थात् टूटी हुई मोतियों की माला की भांति बिखर जाते हैं, वे पुद्गल कहलाते हैं । तात्पर्य यह है कि—जिसमें पूरण और गलन धर्म हो वह पुद्गल है, पुद्गलरूप अस्तिकाय 'पुद्गलास्तिकाय' कहलाता है ।

अगर 'पुद्गलास्तिकाय' न होता तो घट आदि कार्य नही बन सकते थे। इस कारण, तथा प्रत्यक्ष दिखाई देने के कारण भी पुद्गलास्तिकाय की सत्ता भलीभांति सिद्ध है ।

પુદ્ગલાસ્તિકાય—

પુદ્ગલ શબ્દનો અર્થ—

પરસ્પર મળીને એકત્ર થઈને નવીન ઘન-ઘટાદિના રૂપમાં જે એક-મેક થઈ જાય છે, અને જે ગળી જાય છે અર્થાત્ તુટી ગએલી મોતીઓની માળા પ્રમાણે વિંખાઈ જાય છે, તે પુદ્ગલ કહેવાય છે. તાત્પર્ય એ છે કે-જેમાં પૂરણ અને ગાલન ધર્મ હોય તે પુદ્ગલ છે, પુદ્ગલરૂપ અસ્તિકાય તે પુદ્ગલાસ્તિકાય કહેવાય છે.

અગર પુદ્ગલાસ્તિકાય ન હોત તો ઘટ આદિ કાર્ય બની શકત નહિ. આ કારણથી, તથા પ્રત્યક્ષ દેખી શકાય છે તે કારણથી પણ પુદ્ગલાસ્તિકાયની સત્તા રૂડી રીતે સિદ્ધ છે.

गाहते। द्वयणुकस्कन्धश्च तस्यैकस्मिन् प्रदेशे, द्वयोश्च प्रदेशयोरवगाहते। तथा त्र्यणुकस्कन्धो लोकाकाशस्यैकस्मिन् प्रदेशे, द्वयोः प्रदेशयोस्त्रिषु प्रदेशेषु चावगाहते। एवं चतुरणुकादीनां संख्यातप्रदेशाऽसंख्यातप्रदेशानन्तप्रदेशानां स्कन्धानामवगाहनं लोकाकाशस्यैकप्रदेशमारभ्य संख्याताऽसंख्यातप्रदेशपर्यन्तेषु भवति।

नन्वेकस्मिन्नाकाशप्रदेशेऽल्पीयसि कथमनन्तप्रदेशिनः स्कन्धाः स्थानं लभन्ते, न हि कलशे सिन्धोः समावेशं पश्यामः ?

अवगाहना होती है। द्व्यणुक अर्थात् दो परमाणु वाला स्कन्ध लोकाकाश के एक प्रदेश में या दो प्रदेशों में अवगाहन करता है। इसी प्रकार तीन परमाणुओं वाला स्कन्ध लोकाकाश के एक प्रदेश में, दो प्रदेशों में अथवा तीन प्रदेशों में अवगाहन करता है। इसी भांति चतुरणुक (चार अणुओं वाले) आदि स्कन्धों की अवगाहना, तथा संख्यातप्रदेशी, असंख्यातप्रदेशी और अनन्तप्रदेशी तक के स्कन्धों की अवगाहना लोकाकाश के एक प्रदेश से लेकर संख्यात तथा असंख्यात प्रदेशों में होती है।

शंका—आकाश के एक छोटे से प्रदेश में अनन्तप्रदेशी स्कन्ध का समावेश किस प्रकार हो सकता है, गागर में सागर का समावेश होना तो कहीं दिखाई नहीं देता।

અવગાહના હોય છે દ્વયણુક અર્થાત્ બે પરમાણુવાળા સ્કંધ લોકાકાશના એક પ્રદેશમાં અથવા બે પ્રદેશોમાં અવગાહન કરે છે. એ પ્રમાણે ત્રણ અણુઓવાળા સ્કંધ લોકાકાશના એક પ્રદેશમાં, બે પ્રદેશોમાં અથવા ત્રણ પ્રદેશોમાં અવગાહન કરે છે. એ પ્રમાણે જ ચાર અણુઓવાળા આદિ સ્કંધોની અવગાહના, તથા સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી અને અનન્તપ્રદેશી સુધીના સ્કંધોની અવગાહના લોકાકાશના એક પ્રદેશથી લઈને સંખ્યાત તથા અસંખ્યાત પ્રદેશોમાં હોય છે.

શંકા—આકાશના એક નાના પ્રદેશમાં અનન્ત પ્રદેશી સ્કંધનો સમાવેશ કેવી રીતે થઈ શકે, ગાગરમાં સાગરનો સમાવેશ થયેલો કોઈ ઠેકાણે દેખાતો નથી ?

पुद्गलानां प्रदेशसंख्या—

परमाणुमारभ्याचित्तमहास्कन्धपर्यन्ताः पुद्गला विविधपरिणामा भवन्ति। तेषां प्रदेशाः संख्याता असंख्याता अनन्ताश्च यथासंभवं भवन्ति। तत्र—संख्यातपरमाणुसंयोगसंजातः स्कन्धः संख्यातप्रदेशी, असंख्यातपरमाणुघटितः स्कन्धोऽसंख्यातप्रदेशी, अनन्तपरमाणुसंहतिसमुद्भूतश्च स्कन्धोऽनन्तप्रदेशी भवति। परमाणोस्तु निरंशत्वान्नास्ति प्रदेश इति।

पुद्गलानां क्षेत्रस्थितिः—

परमाणौ विभागाभावादेकस्मिन्नेव प्रदेशे लोकाकाशस्य परमाणुत्व-

पुद्गलों की प्रदेशसंख्या—

परमाणुसे लेकर अचित्त महास्कन्ध तक सब पुद्गल विविध परिणमन वाले होते हैं। उनके प्रदेश यथासम्भव संख्यात असंख्यात अथवा अनन्त होते हैं। संख्यात परमाणुओं के संयोग से बना हुआ स्कन्ध संख्यातप्रदेशी कहलाता है। असंख्यात परमाणुओं-से बना हुआ स्कन्ध असंख्यातप्रदेशी और अनन्त परमाणुओं से निष्पन्न स्कन्ध अनन्त प्रदेशी कहलाता है। परमाणु निरंश होता है—उसके अनेक भाग नहीं हो सकते, अत एव वह अप्रदेशी है।

पुद्गलों की क्षेत्रस्थिति—

परमाणु के विभाग न होने के कारण लोकाकाश के एक ही प्रदेश में उसकी

પુદ્ગલોની પ્રદેશસંખ્યા—

પરમાણુથી લઈને અચિત્ત મહાસ્કંધ સુધી સર્વ પુદ્ગલ વિવિધ પરિણમનવાળા હોય છે. તેના પ્રદેશ યથાસંભવ સંખ્યાત, અસંખ્યાત અથવા અનન્ત હોય છે. સંખ્યાત પરમાણુઓના સંયોગથી બનેલા સ્કંધ સંખ્યાતપ્રદેશી કહેવાય છે, અસંખ્યાત પરમાણુઓથી બનેલા સ્કંધ અસંખ્યાતપ્રદેશી અને અનન્ત પરમાણુઓથી નિષ્પન્ન સ્કંધ અનન્ત-પ્રદેશી કહેવાય છે. પરમાણુ નિરંશ હોય છે, તેના અનેક ભાગ થઈ શકતા નથી તેથી તે અપ્રદેશી છે.

પુદ્ગલોની ક્ષેત્રસ્થિતિ—

પરમાણુમાં વિભાગ નહિ હોવાના કારણે લોકાકાશના એક જ પ્રદેશમાં તેની

यथा वा एकप्रदीपप्रभायामनेकप्रदीपप्रभासमावेशः। यथा वा एककर्षपरिमितपारदे शतकर्षपरिमितसुवर्णसमावेशो भवति।

अनन्तप्रदेशिरूपोऽचित्तमहास्कन्धः केवलिसमुद्घातवत् सकललोकव्यापी भवति। स च विस्रसागत्या प्रथमसमयेऽसंख्यातयोजनविस्तरेण दण्डाकारेण परिणमति। द्वितीयसमये कपाटरूपेण, तृतीयसमये मन्थानरूपेण, चतुर्थसमये प्रतरमापूर्य सकललोकं व्याप्नोति, पञ्चमसमये प्रतरं संहरति, षष्ठसमये मन्थानं भनक्ति, सप्तमसमये कपाटं च, अष्टमसमये दण्डाकारं संहृत्य खंडशः प्रविकीर्णो भवति।

अथवा—एक दीपक के प्रकाश में अनेक दीपकों का प्रकाश समा जाता है।

अथवा एक कर्ष—मासा (मापविशेष) परिमित पारे में सौ कर्ष परिमित सोने का समावेश हो जाता है।

अनन्तप्रदेशी अचित महास्कन्ध केवलिसमुद्घात के समान समस्तलोक-व्यापी होता है। वह स्वाभाविक गति से, प्रथम समय में असंख्यातयोजनविस्तृत दण्ड के आकार में परिणत होता है। दूसरे समय में वह कपाट के रूप में परिणत होता है, और तीसरे समय में मंथान के रूप में हो जाता है, चौथे समय में प्रतर पूर्ण करके सम्पूर्ण लोक में व्याप्त हो जाता है। फिर पांचवें समय में प्रतर को सिकोडता है, छठे समय में मंथान को, सातवें समय में कपाट को, और आठवें समय में दण्डाकार को यह सिकोडता है। उसके अनन्तर वह खण्ड खण्ड होकर बिखर जाता है।

અથવા—એક દીપકના પ્રકાશમાં અનેક દીપકોના પ્રકાશ સમાઈ જાય છે. અથવા એક કર્ષ (માપવિશેષ) પરિમિત પારામાં એકસો કર્ષ પરિમિત સોનાનો સમાવેશ થઈ જાય છે.

અનન્તપ્રદેશી અચિત્ત મહાસ્કંધ, કેવલિસમુદ્ઘાતની સમાન સમસ્તલોક વ્યાપી હોય છે, તે સ્વાભાવિક ગતિથી, પ્રથમ સમયમાં અસંખ્યાતયોજનવિસ્તૃત દંડના આકારમાં પરિણત થાય છે. બીજા સમયમાં તે કપાટના રૂપમાં પરિણત થાય છે, અને ત્રીજા સમયમાં મંથાન (દહીં વલોવવાનો રવૈયો)ના રૂપમાં થાય છે, ચોથા સમયમાં પ્રતર પૂર્ણ કરીને લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. ફરી પાંચમા સમયમાં પ્રતરને સંકોચે છે, છઠ્ઠા સમયમાં મંથાનને, સાતમા સમયમાં કપાટને અને આઠમા સમયમાં દંડાકારને એ સિકોડે છે, ત્યાર પછી તે ખંડ-ખંડ થઈને વિખેરાઈ જાય છે.

अत्र ब्रूमः-पुद्गलस्य परिणमनशक्तिरेव तादृशी यतः परमसूक्ष्मस्तादृशः परिणामो जायते, येनानन्तप्रदेशिनः स्कन्धाः प्रदेशमेकं नभसः प्रविशन्ति। अथवा गगनस्य तादृशी विचित्राऽवगाहदानशक्तिर्यतोऽनन्तप्रदेशिनां स्कंधानां तस्यैकस्मिन् प्रदेशे समावेशः सिध्यति। यथा अतिघनीभूतलोहगोलकावगाहनान्निरवकाशे किलाकाशदेशे भस्त्रानिलसमुद्भूताः पावकावयवाः समाविशन्ति। यदि रन्ध्ररहिताऽयोगोलकं शीतलीकर्तुं वारि निक्षिप्यते, तदा तदयोगोलकपरिपूरितनिरन्तराकाशदेशे तस्मिन्नेव वारिकणा अव्याहतं प्रविशन्ति।

समाधान—पुद्गल में परिणमनशक्ति ही ऐसी है, जिससे उसका अत्यन्त सूक्ष्म परिणमन होता है। इसी कारण अनन्तप्रदेशी स्कन्ध भी आकाश के एक प्रदेश में समा जाते हैं। अथवा आकाश में ऐसी कुछ विचित्र अवकाशदान करने की शक्ति है कि उसके कारण अनन्तप्रदेशी स्कन्धों का भी आकाश के एक ही प्रदेश में समावेश हो जाता है। जैसे—अत्यन्त सघन लोहे के गोले के अवगाहन से निरवकाश आकाश-प्रदेश में धौंकनी की वायु से वृद्धि पाये हुए अग्नि के अवयव प्रवेश कर जाते हैं। तात्पर्य यह है कि—लोहे का गोला बहुत ठोस होता है, वह आकाश के जिन प्रदेशों में मौजूद है, वहां जगह दिखाई नहीं देती, फिर भी धौंकनी की वायु की प्रेरणासे उन्हीं आकाश प्रदेशों में अग्नि का प्रवेश हो जाता है, तत्पश्चात् छिद्ररहित उस लोहे के गोले को ठंडा करने के लिये उस पर पानी डाला जाय तो जिन आकाश प्रदेशों में लोहे का गोला और पावक-अग्नि है, उन्हीं में जल के कण भी बेरोकटोक प्रवेश कर जाते हैं।

સમાધાન—પુદ્ગલોમાં પરિણમનશક્તિ જ એવી છે જેથી તેનું અત્યન્ત સૂક્ષ્મ પરિણમન હોય છે. એ કારણે અનન્તપ્રદેશી સ્કંધ પણ આકાશના એક પ્રદેશમાં સમાઈ જાય છે. અથવા આકાશમાં એવી કોઈ વિચિત્ર અવકાશદાન કરવાની શક્તિ છે કે—તે કારણથી અનન્તપ્રદેશી સ્કંધોનો પણ આકાશના એક જ પ્રદેશમાં સમાવેશ થઈ જાય છે. જેમકે—અત્યન્ત સઘન લોઢાના ગોળાના અવગાહનથી નિરવકાશ આકાશ પ્રદેશમાં ધમણના વાયુથી વૃદ્ધિ પામેલા અગ્નિના અવયવો પ્રવેશ કરી જાય છે. તાત્પર્ય એ છે કે-લોઢાનો ગોળો બહુ જ ઠોસ (પોલાણ વિનાનો) હોય છે, તે આકાશના જે પ્રદેશોમાં મોજુદ છે, ત્યાં જગ્યા દેખાતી નથી. તો પણ ધમણના વાયુની પ્રેરણાથી તે આકાશ પ્રદેશોમાં અગ્નિનો પ્રવેશ કરી જાય છે. તે પછી છિદ્રરહિત તે લોઢાના ગોળાને ઠંડો કરવા માટે તેના ઉપર પાણી નાખવામાં આવે તો જે આકાશ-પ્રદેશોમાં લોઢાનો ગોળો અને અગ્નિ છે, તેમાં પાણીનાં ટીપાં પણ રોકટોક (અટકાવ્યા) વિના પ્રવેશ કરી જાય છે.

पुद्गलानां विशेषगुणाः—

वर्णगन्धरसस्पर्शाः पुद्गलानां विशेषगुणाः सहभाविनः परिणामाः। शब्द-बन्ध-सौक्ष्म्य-स्थौल्य-संस्थान-भेद-तम-च्छाया-ऽऽतपो-द्योतादिभिः पर्यायैः पुद्गला लक्ष्यन्ते-ज्ञायन्ते, इत्याशयेन भगवता पुद्गलानां लक्षणतया शब्दादयः प्रोक्ताः। तथाहि—

"सद्दंधयार उज्जोओ, पभा छायाऽऽतवुत्ति वा

वण्णरसगंधफासा, पुग्गलाणं तु लक्खणं ॥१॥" (उत्त० अ० २८)

पुद्गलों के विशेष गुण—

वर्ण, गन्ध, रस और स्पर्श पुद्गलों के विशेष (असाधारण) गुण हैं—सहभावी परिणाम हैं। शब्द, बन्ध, सूक्ष्मता, स्थूलता, संस्थान (आकार), भेद, तम, छाया, आतप, उद्योत आदि पर्यायों के द्वारा पुद्गल लखा जाता है—जाना जाता है। इस आशय से भगवान् ने शब्द आदि को पुद्गलों का लक्षण कहा है, वह इस प्रकार—"सद्दंधयार उज्जोओ, पभा-छाया-ऽऽतवुत्ति वा, वण्णरसगंधफासा, पुग्गलाणं तु लक्खणं" शब्द, अन्धकार, उद्योत, प्रभा, छाया, आतप, वर्ण, रस, गन्ध, और स्पर्श, ये सब पुद्गलों के लक्षण हैं। गाथा में 'छायाऽऽतवुत्ति' यहाँ 'इति' शब्द आदि के अर्थ में है। इस आदि शब्द से वर्ण आदि का ग्रहण हो सकता था फिर भी उन्हें अलग कहने का कारण यह है कि—वे नित्य सहभावी गुण हैं।

પુદ્ગલના વિશેષ ગુણ—

વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પુદ્ગલોના વિશેષ (અસાધારણ) ગુણ છે—સહભાવી પરિણામ છે શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન (આકાર) ભેદ, તમ, છાયા, આતપ, ઉદ્યોત આદિ પર્યાયોથી લખી શકાય છે—જાણી શકાય છે. તે આશયથી ભગવાને શબ્દ આદિ પુદ્ગલોનું લક્ષણ કહ્યું છે, તે આ પ્રમાણે છે—"सद्दंधयार उज्जोओ, पभा-छाया-ऽऽतवुत्ति वा, वण्णरसगंधफासा; पुग्गलाणं तु लक्खणं" શબ્દ, અંધકાર, ઉદ્યોત પ્રભા, છાયા, આતપ, વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ, એ પુદ્ગલોનું લક્ષણ છે. ગાથામાં—'छायाऽऽतवुत्ति' અહિં 'इति' શબ્દ આદિના અર્થમાં છે, એ પ્રમાણે 'आदि' શબ્દથી વર્ણ વગેરેનું ગ્રહણ થઈ શકે છે તો પણ તેને અલગ કહેવાનું કારણ એ છે કે તે નિત્ય સહભાવી ગુણ છે.

पुद्गलानामुपकारः—

शरीरवाङ्मनःप्राणादयः पुद्गलपरिणामा गमनाऽऽदान-वचन-चिन्तन-प्राणनादिभावेन जीवानुपकुर्वन्ति, अतः शरीराद्याकारेण पुद्गला जीवानामुपकारं कुर्वन्ति। तत्र शरीरं पञ्चविधम्, औदारिकं, वैक्रियम्, आहारकं, तैजसं, कार्मणं चेति।

अथ जीवानां ये सुखदुःखजीवितमरणरूपाः परिणामा भवन्ति तत्र सुखादिरूपेण जीवपरिणामे निमित्तं पुद्गला इति सिद्धं जीवोपकारित्वं पुद्गलानाम्।

पुद्गलों का उपकार—

शरीर, वचन, मन और प्राण आदि पुद्गलों के परिणामविशेष—गमन, आदान, वचन, चिन्तन और प्राणन (सांस लेना) आदिरूप से जीवों का उपकार करते हैं अतः शरीर आदि के रूप में पुद्गल ही जीवों का उपकार करते हैं। इनमें शरीर पांच प्रकार का है— (१) औदारिक (२) वैक्रिय (३) आहारक (४) तैजस और (५) कार्मण।

प्राणियों में सुख दुःख जीवन और मरण रूप जो परिणाम होते हैं, उन सब परिणामों में पुद्गल कारण है, अतः यह सिद्ध हुआ कि पुद्गल जीवों का उपकार करते हैं।

પુદ્ગલોનો ઉપકાર—

શરીર, વચન, મન અને પ્રાણુ આદિ પુદ્ગલોના પરિણામવિશેષ—ગમન, આદાન, વચન, ચિંતન અને પ્રાણુન (શ્વાસ લેવો) આદિ રૂપથી જીવોનો ઉપકાર કરે છે, એટલે શરીર આદિના રૂપમાં પુદ્ગલ જ જીવોનો ઉપકાર કરે છે, તેમાં શરીર પાંચ પ્રકારના છે—(૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ અને (૫) કાર્મણ.

પ્રાણીઓમાં સુખ, દુઃખ, જીવન અને મરણરૂપ જે પરિણમન થાય છે, તે સર્વ પરિણામોમાં પુદ્ગલ કારણરૂપ છે. તેથી એ સિદ્ધ થાય છે કે પુદ્ગલ જીવોનો ઉપકાર કરે છે.

परमाणुस्वरूपम्—

तत्र परमाणुश्च सकलविभागान्तवर्ती निरंशः परस्परासंयुक्तः, सूक्ष्मत्वादिन्द्रियव्यापारातीतः, एकैकवर्ण-गन्ध-रस-द्विस्पर्शयुक्तः, द्व्यणुकस्कन्धाद्यचित्तमहास्कन्धपर्यन्तानां स्थूल-सूक्ष्म-स्कन्धकार्याणां कारणरूपो नित्यश्चेति ।

उक्तश्च भगवता भगवतीसूत्रे-(श. २० उ० ५)—

परमाणु का स्वरूप—

परमाणु, पुद्गल का अन्तिम विभाग है। वह निरंश है। परस्पर असंयुक्त है। सूक्ष्म होने के कारण इन्द्रियों की उसमें प्रवृत्ति नहीं हो सकती। एक वर्ण, एक गन्ध, एक रस और दो स्पर्शोंसे युक्त है। द्व्यणुक स्कन्धसे लेकर अन्तिम महास्कन्ध पर्यन्त स्थूल एवं सूक्ष्म स्कंधरूप कार्य का कारण है और नित्य है। भगवानने भगवतीसूत्र (श. २०, उ० ५) में कहा है—

प्रश्न-भगवन्! परमाणु पुद्गल कितने वर्णवाला, कितने गंध वाला, कितने रसवाला, और कितने स्पर्शवाला कहा गया है ?।

उत्तर-गौतम! एक वर्णवाला, एक गंध वाला, एक रसवाला और दो स्पर्शवाला कहा गया है।

एक वर्णवाला होता है तो कदाचित् काला, कदाचित् नीला, कदाचित् लाल,

પરમાણુનું સ્વરૂપ—

પરમાણુ, એ પુદ્ગલનો અંતિમ વિભાગ છે. તે નિરંશ (અંશરહિત) છે. પરસ્પર અસંયુક્ત છે. સૂક્ષ્મ હોવાના કારણે ઇંન્દ્રિયોની પ્રવૃત્તિ તેમાં થઈ શકતી નથી. એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શથી યુક્ત છે. દ્વયણુક સ્કંધથી લઇને અચિત્ત મહાસ્કંધ પર્યન્ત સ્થૂલ અને સૂક્ષ્મસ્કંધરૂપ કાર્યનું કારણ છે, અને નિત્ય છે. ભગવાને ભગવતી સૂત્ર (શ. ૨૦ ઉ. ૫.)માં કહ્યું છેઃ—

પ્રશ્ન-" ભગવન્! પરમાણુ પુદ્ગલ કેટલા વર્ણવાળું, કેટલા ગંધવાળું, કેટલા રસવાળું, અને કેટલા સ્પર્શવાળું કહ્યું છે ?

ઉત્તર-ગૌતમ! એક વર્ણવાળું, એક ગંધવાળું, એક રસવાળું, અને બે સ્પર્શવાળું કહ્યું છે."

" એક વર્ણવાળું હોય છે તો કદાચિત્ કાળું, કદાચિત્ લીલું, કદાચિત્ લાલ, કદાચિત્ પીળું અને કદાચિત્ શ્વેત હોય છે. એક ગંધવાળું હોય છે તો કદાચિત્

शब्दोऽन्धकार उद्योतः प्रभा छाया आतप इति वा । वर्णरसगन्धस्पर्शाः पुद्गलानां तु लक्षणम् । इति च्छाया ।

"छायाऽऽतपयुक्ति" इत्यत्र 'इति' शब्द आद्यर्थकः । तेनैव वर्णादीनां ग्रहणेऽपि पुनरुपादानं नित्यसहभावित्वबोधनार्थम् ।

तत्र वर्णः पञ्चधा, कृष्ण-नील-लोहित-पीत-शुक्ल-भेदात् । गन्धो द्विविधः-सुरभिरसुरभिश्च । रसः पञ्चविधः-तिक्त-कटु-कषाया-ऽम्ल-मधुर-भेदात् । स्पर्शोऽष्टधा-कठिन-मृदु-गुरु-लघु-शीतो-ष्ण स्निग्ध-रूक्ष-भेदात् । संस्थानं पञ्चविधम्-वृत्त-त्र्यस्र-चतुरस्र-ऽऽयत-परिमण्डल-भेदात् ।

पुद्गलविभागः-

पुद्गलः संक्षेपतो द्विविधः-परमाणु-स्कंधभेदात् ।

वर्ण पांच प्रकार का है—काला, नीला, लाल, पीला, और सफेद । सुगन्ध दुर्गन्ध के भेद से गन्ध दो प्रकार का है । रस के पांच भेद हैं—तीखा, कडुआ, कषैला, खट्टा, और मीठा । स्पर्श के आठ भेद हैं—कठिन, कोमल, भारी, हल्का, शीत, उष्ण, चिकना, और रूखा । संस्थान पांच प्रकार का है—वृत्त (गोल), त्र्यस्र (तिकोना), चतुरस्र (चौकोर), आयत (लम्बा) और परिमण्डल—(गोल—मटोल).

पुद्गल के भेद—

संक्षेप से पुद्गल के दो भेद हैं—परमाणु और स्कन्ध ।

વર્ણ પાંચ પ્રકારના છે—કાળો, લીલો, લાલ, પીળો અને ધોળો. સુગંધ અને દુર્ગંધના ભેદથી ગંધ બે પ્રકારના છે. રસના પાંચ ભેદ છે—તીખો, કડવો, કષાયેલો, ખાટો અને મીઠો, સ્પર્શના આઠ ભેદ છે—કઠણ, કોમલ, ભારી, હલકો, શીત, ઉષ્ણ, ચિકણો અને રૂક્ષ. સંસ્થાન પાંચ પ્રકારનાં છે—વૃત્ત—ગોળ, ત્રિકોણ, ચતુષ્કોણ, લાંબું અને ગોળમટોળ.

પુદ્ગલોના ભેદ

સંક્ષેપથી પુદ્ગલના બે ભેદ છે—(૧) પરમાણુ અને (૨) સ્કંધ.

असौ शस्त्रादिना लतादिवदच्छेद्यः, सूच्यादिना चर्मवदभेद्यः, अग्निना काष्ठवददाह्यः, हस्तादिना वस्त्रपात्रवदग्राह्यश्च। उक्तञ्च भगवता भगवतीसूत्रे (श०-२० उ० ५)—

"दव्वपरमाणू णं भंते। कइविहे पण्णत्ते?, गोयमा! चउव्विहे पण्णत्ते, तंजहा-अच्छेज्जे, अभेज्जे, अडज्झे, अगेज्झे।" इति। द्रव्यपरमाणुः खलु भदन्त! कतिविधः प्रज्ञप्तः?, गौतम! चतुर्विधः प्रज्ञप्तः, तद्यथा-अच्छेद्यः, अभेद्यः, अदाह्यः, अग्राह्यः। इति च्छाया।

यद्यपि परमाणुः पुद्गलत्वान्मूर्त्तस्तथाऽप्यसौ खण्डशः कर्त्तुमशक्यः, आकाशप्रदेशवत्परमाणोः पुद्गलपरमजघन्यांशरूपत्वात्, सर्वपरिमाणेभ्योऽपकृष्टं परिमाणं परमाणोरेव तस्मात्सोऽखण्ड एव।

परमाणु, शस्त्र के द्वारा लता आदि की भाँति छेदा नहीं जा सकता, चमडे की तरह सुई आदि से भेदा नहीं जा सकता, काष्ठ के समान अग्नि आदि से जल नहीं सकता और वस्त्र पात्र आदि पदार्थों की तरह हाथ आदिसे पकडा नहीं जा सकता। भगवान्ने भगवतीसूत्र (श. २०, उ० ५) में कहा है—

प्रश्न-भगवन्! द्रव्य परमाणु कितने प्रकार का कहा गया है?

उत्तर-गौतम! चार प्रकारका कहा गया हैं-अच्छेद्य, अभेद्य, अदाह्य और अग्राह्य।

परमाणु, पुद्गल होने के कारण मूर्तिक है, फिर भी उस के खण्ड नहीं किये जा सकते। जैसे आकाश का एक प्रदेश जघन्य अंशरूप है और उसका परिमाण सभी

પરમાણુ, શસ્ત્ર દ્વારા લતા આદિના પ્રમાણે છેદી શકાતું નથી, ચામડાની જેમ સોય વગેરેથી વીંધી શકાતું નથી, કાષ્ઠની જેમ અગ્નિ આદિથી બાળી શકાતું નથી, અને વસ્ત્ર પાત્ર આદિ પદાર્થોની જેમ હાથ વગેરેથી પકડી શકાતું નથી.

ભગવાને ભગવતીસૂત્ર-(શ. ૨૦-ઉ. ૫) માં કહ્યું છેઃ—

પ્રશ્ન-"ભગવન્! દ્રવ્ય પરમાણુ કેટલા પ્રકારનું કહ્યું છે?

ઉત્તર-ગૌતમ! ચાર પ્રકારનું કહ્યું છે-"અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય." (છેદી શકાય નહિ, ભેદી શકાય નહિ, બળી શકે નહિ, અને ગ્રહણ થઈ શકે નહિ).

પરમાણુ, પુદ્ગલ હોવાના કારણે મૂર્તિક છે તો પણ તેના અંડ-ભાગ થઈ શકતા નથી જેમકેઃ-આકાશનો એક પ્રદેશ જઘન્ય અંશરૂપ છે, અને તેનું પરિમાણ

"परमाणुपोग्गले णं भंते ! कतिवन्ने, कतिगंधे, कतिरसे, कतिफासे पन्नत्ते ?, गोयमा ! एगवन्ने, एगगंधे, एगरसे, दुप्फासे पन्नत्ते, तंजहा-जइ एगवन्ने-सिय काले, सिय नीले, सिय लोहिए, सिय हालिद्दे, सिय सुक्किल्ले । जइ एगगंधे-सिय सुब्भिगंधे, सिय दुब्भिगंधे । जइ एगरसे-सिय तित्ते सिय कडुए सिय कसाए, सिय अंबिले, सिय महुरे । जइ दुप्फासे-सिय सीए य निद्धे य १, सिय सीए य लुक्खे य २, सिय उसिणे य निद्धे य ३, सिय उसिणे य लुक्खे य ४" इति ।

परमाणुपुद्गलः भदन्त ! कतिवर्णः, कतिगन्धः, कतिरसः, कतिस्पर्शः प्रज्ञप्तः ? गौतम ! एकवर्णः, एकगन्धः, एकरसः, द्विस्पर्शः प्रज्ञप्तः । तद्यथा-यदि एकवर्णः -स्यात् कालकः, स्यात् नीलकः, स्यात् लोहितः, स्यात् हारिद्रः, स्यात् शुक्लः । यदि एकगन्धः-स्यात् सुरभिगन्धः, स्यात् दुरभिगन्धः, यदि एकरसः स्यात्तिक्तः स्यात् कटुकः, स्यात् कषायः, स्यात् अम्लः, स्यात् मधुरः । यदि द्विस्पर्शः-स्यात् शीतश्च स्निग्धश्च १, स्यात् शीतश्च रूक्षश्च २, स्यात् उष्णश्च स्निग्धश्च ३, स्यात् उष्णश्च रूक्षश्च ४, । इति च्छाया,

---

कदाचित् पीला, और कदाचित् शुक्ल होता है । एक गन्धवाला होता है तो कदाचित् सुरभिगंधवाला, कदाचित् दुरभिगंधवाला होता है । यदि एक रसवाला होता है तो कदाचित् तिक्त, कदाचित् कटुक, कदाचित् कषायला, कदाचित् खट्टा, और कदाचित् मीठा होता है । यदि दो स्पर्शवाला होता है तो कदाचित् शीत और स्निग्ध (चिकना) १, कदाचित् शीत और रूक्ष २, कदाचित् उष्ण और स्निग्ध ३, तथा कदाचित् उष्ण और रूक्ष होता है ४ ।

સુરભિગંધ (સારી ગંધ) વાળું અને કદાચિત્ દુરભિગંધવાળું હોય છે. જો એક રસવાળું હોય છે તો કદાચિત્ તીખું, કદાચિત્ કડવું, કદાચિત્ કષાયલું, કદાચિત્ ખાટું અને કદાચિત્ મધુર-મીઠું-હોય છે. જો બે સ્પર્શવાળું હોય છે તો કદાચિત શીત અને સ્નિગ્ધ-(ચિકણા) ૧, કદાચિત્ શીત અને રૂક્ષ ૨, કદાચિત્ ઉષ્ણ અને સ્નિગ્ધ ૩, તથા કદાચિત્ ઉષ્ણ અને રૂક્ષ હોય છે. ૪"

यद्यपि धर्माधर्माकाशजीवा अपि पुद्गलवत्स्कन्धरूपास्तथापि स्कन्ध-रूपपुद्गलादयं विशेषः-तेषाम्-धर्मादीनां चतुर्णां प्रदेशाः स्वस्वस्कन्धान्न खण्डशः पृथग् भवितुमर्हन्ति, तेषाममूर्त्तत्वात्। पुद्गलप्रदेशास्तु खण्डशः पृथग् भवन्ति, तेषां मूर्त्तत्वात्, आश्लेषविश्लेषाभ्यां मूर्त्तवस्तुनि संमिलन-पृथग्भाव-शक्तेः सर्वानुभवगोचरत्वात्, अतः स्कन्धपुद्गलानां स्थूलः सूक्ष्मो वा भागोऽवयव-उच्यते। अवयौतिः=पृथग्भवतीत्यवयवशब्दव्युत्पत्त्या विभाज्य एवांशोऽवयवशब्दार्थ-स्तस्मात्पुद्गलप्रदेश एवावयव इत्युच्यते।

यद्यपि धर्म-द्रव्य अधर्म-द्रव्य आकाश और जीव भी पुद्गलके समान स्कन्धरूप हैं, फिर भी स्कन्धरूप पुद्गल से उनमें यह भिन्नता है-धर्म आदि चार द्रव्योंके प्रदेश अपने २ स्कन्धसे कभी अलग नहीं हो सकते, क्योंकि धर्म आदि चार द्रव्य अमूर्त हैं। पुद्गल द्रव्य के प्रदेश खण्ड२ होकर अलग हो जाते हैं, क्योंकि पुद्गल मूर्त हैं। आश्लेष और विश्लेष के द्वारा मूर्त वस्तु में मिलने और बिछुडने की शक्ति है, यह बात सभी के अनुभव से सिद्ध है, अतः स्कन्ध-पुद्गलों का स्थूल या सूक्ष्म भाग अवयव कहलाता है, 'अवयौति' इति-अवयवः अर्थात् जो पृथक् हो सके उसे अवयव कहते है, इस व्युत्पत्ति के अनुसार विभक्त हो सकने योग्य अंश को ही अवयव कहा जा सकता है, अतः पुद्गल का प्रदेश ही अवयव कहलाता है।

જો કે ધર્મ-દ્રવ્ય, અધર્મ-દ્રવ્ય, આકાશ અને જીવ પણ પુદ્ગલના સમાન સ્કંધરૂપ છે, તો પણ સ્કંધરૂપ પુદ્ગલથી તેમાં એ ભિન્નતા છે-ધર્મ આદિ ચાર દ્રવ્યોના પ્રદેશ પોત-પોતાના સ્કંધથી કયારેય પણ અલગ થઈ શકતા નથી. કેમકે ધર્મ આદિ ચાર દ્રવ્યો અમૂર્ત છે. પુદ્ગલ દ્રવ્યના પ્રદેશ ખંડ ખંડ થઇને અલગ થઈ જાય છે, કેમકે પુદ્ગલ મૂર્ત છે. આશ્લેષ (મળવું) અને વિશ્લેષ (જુદા થવું) દ્વારા મૂર્ત વસ્તુમાં મળવું અને છૂટા થવું તે શક્તિ છે, આ વાત સર્વને અનુભવથી સિદ્ધ છે. એટલા કારણથી સ્કંધ પુદ્ગલોનું સ્થૂલ અથવા સૂક્ષ્મ અવયવ કહેવાય છે 'अवयौति' इति-अवयवः અર્થાત્ પૃથક્ થઈ શકે તેને અવયવ કહે છે, એ વ્યુત્પત્તિ પ્રમાણે વિભક્ત થવા યોગ્ય અંશને જ અવયવ કહે છે. આ કારણથી પુદ્ગલ દ્રવ્યનો પ્રદેશ જ અવયવ કહેવાય છે.

स च प्रत्यक्षदृश्यैरनेकविधैर्बादरपरिणामरूपैः स्कन्धैरनुमीयते। उक्तञ्च-

"कारणमेव तदंतं, सुहुमो णिच्चो य होइ परमाणू।
एगरसगंधवण्णो, दुप्फासो कज्जलिंगो य ॥१॥ इति

छाया—कारणमेव तदन्त्यं, सूक्ष्मो नित्यश्च भवति परमाणुः।
एकरसगंधवर्णो, द्विस्पर्शः कार्यलिङ्गश्च ॥१॥" इति।

स्कन्धस्वरूपं तद्भेदाश्च—

परस्परसंमिलितबद्धपरमाणुसमुदायः स्कन्धः। स्कन्धान्तवर्ती निरंशोऽवयवः प्रदेश इत्युच्यते।

परिमाणोंसे हीनतम है, इसी प्रकार परमाणु भी जघन्य अंशरूप है—उसके अंश नहीं हो सकते, वह अखण्ड है।

प्रत्यक्ष से दिखाई देनेवाले अनेक प्रकार के बादररूप परिणत स्कन्धों से परमाणु का अनुमान होता है। कहा भी है—

"परमाणु कारणरूप है, अन्तिम अंशरूप है, सूक्ष्म है और नित्य है। एक रसवाला, एक गंधवाला, एक वर्णवाला और दो स्पर्शवाला होता है। स्कंधरूप कार्य देखने से उसका अनुमान होता है।"

स्कन्ध का स्वरूप और भेद—

परस्पर मिले हुए—आपसमें बद्ध—परमाणु का समूह स्कंध कहलाता है। स्कंधमें रहा हुआ निरंश अवयव प्रदेश कहलाता है।

સર્વ પરિમાણોથી હીનતમ છે, એ પ્રમાણે પરમાણુ પણ જઘન્ય અંશરૂપ છે, તેનાં અંશ-વિભાગ થઈ શકતા નથી, તે અખંડ છે.

પ્રત્યક્ષથી જોવામાં આવતા અનેક પ્રકારના બાદરરૂપ પરિણત સ્કંધોથી પરમાણુનું અનુમાન થાય છે. કહ્યું પણ છે—

"પરમાણુ કારણરૂપ છે, અન્તિમ અંશરૂપ છે, સૂક્ષ્મ છે અને નિત્ય છે, એક રસવાળું છે, એક ગંધવાળું, એક વર્ણવાળું અને બે સ્પર્શવાળું હોય છે. સ્કંધરૂપ કાર્યના દેખાવથી તેનું અનુમાન થાય છે.

સ્કંધનું સ્વરૂપ અને ભેદ—

પરસ્પર મળેલા-અંદર અંદર બદ્ધ-પરમાણુઓનો સમૂહ તે સ્કંધ કહેવાય છે. સ્કંધમાં રહેલો નિરંશ અવયવ તે પ્રદેશ કહેવાય છે.

स्कन्धस्य परमाणोश्च संयोगे सति त्रिप्रदेशी स्कन्धो भवति। संख्यात-परमाणूनां संघातात् संख्यातप्रदेशी स्कन्धः, असंख्यातपरमाणूनां संयोगाद् असंख्यातप्रदेशी स्कन्धः, अनन्तपरमाणूनां संघाताज्जातोऽनन्तप्रदेशी स्कन्धः, अनन्तप्रदेशिनां स्कन्धानां योगे त्वनन्तानन्तप्रदेशी स्कन्धो जायते। संख्यात-प्रदेश्यादिषु स्कंधेषु संयोगपरिणामः पूर्वोक्तरीत्या भावनीयः।

द्व्यणुकादिक्रमेणानन्तानन्तप्रदेशिपर्यन्ता ये स्कन्धाः संयोगपरिणाम-जास्तेभ्यः परमाणुः पृथग् भवति चेत्तदैकपरमाणुन्यूनः स्कन्धो जायते। एवं द्वित्रिचतुःपञ्चादिपरमाणुपृथग्भावक्रमेण न्यूनान्न्यूनो द्विप्रदेशी स्कन्धः समुत्पद्यते।

और एक परमाणु का संयोग होने पर त्रिप्रदेशी स्कन्ध बनता है, संख्यात परमाणुओं के संघात से संख्यातप्रदेशी स्कन्ध बनता है और असंख्यात परमाणुओं के संयोग से असंख्यातप्रदेशी स्कन्ध बनता है। अनन्त परमाणुओं के मिलने से अनन्तप्रदेशी स्कन्ध बनता है, अनन्तप्रदेशी स्कन्धों का संयोग होने पर अनन्तानन्तप्रदेशी स्कन्ध उत्पन्न होता है। संख्यातप्रदेशी आदि स्कन्धों में संयोगरूप परिणमन पूर्वोक्तप्रकार से समझ लेना चाहिए।

द्व्यणुक आदि के क्रम से अनन्तानन्तप्रदेशी पर्यन्त जो स्कन्ध संयोगपरिणाम से बने हैं, उन में से अगर एक परमाणु अलग हो जाता है तो वह एक परमाणुहीन स्कंध रह जाता है। इसी प्रकार दो तीन चार पांच आदि परमाणुओं के अलग होने पर अन्त में द्विप्रदेशी स्कंध ही बचता है।

અને એક પરમાણુનો સંયોગ થવાથી ત્રિપ્રદેશી સ્કંધ બને છે, સંખ્યાત પરમાણુઓના સંઘાતથી (ભળવાથી) સંખ્યાતપ્રદેશી સ્કંધ બને છે. અને અસંખ્યાત પરમાણુઓના સંયોગથી અસંખ્યાતપ્રદેશી સ્કંધ બને છે. અનન્ત પરમાણુઓના સંયોગથી અનન્ત પ્રદેશી સ્કંધ ઉત્પન્ન થાય છે. અનન્તપ્રદેશી સ્કંધોનો સંયોગ થાય તો અનન્તાનન્ત-પ્રદેશી સ્કંધ ઉત્પન્ન થાય છે. સંખ્યાતપ્રદેશી આદિ સ્કંધોમાં સંયોગરૂપ પરિણમન પૂર્વના પ્રકારથી સમજી લેવું જોઇએ.

દ્વયણુક આદિના ક્રમથી અનન્તાનન્તપ્રદેશી પર્યન્ત જે સ્કંધ છે, તે સંયોગ પરિણમનથી બન્યા છે. તેમાંથી જો એક પરમાણુ અલગ થઈ જાય તો તે એક પરમાણુહીન સ્કંધ રહી જાય છે. એ પ્રમાણે બે, ત્રણ, ચાર, પાંચ આદિ પરમાણુઓ અલગ થઈ જાય તો અન્તમાં દ્વિપ્રદેશી સ્કંધ જ બચે છે.

संघाताद्, भेदात्, संघातभेदाभ्यां च द्विप्रदेशिप्रभृतयः स्कन्धाः समुत्पद्यन्ते। उक्तञ्च भगवता स्थानाङ्गसूत्रे—

"दोहिं ठाणेहिं पोग्गला साहण्णंति, तंजहा-सयं वा पोग्गला साहन्नंति, परेण वा पोग्गला साहन्नंति। सयं वा पोग्गला भिज्जंति परेण वा पोग्गला भिज्जंति" इति।

छाया—"द्वाभ्यां स्थानाभ्यां पुद्गलाः संहन्यन्ते। तद्यथा-स्वयं वा पुद्गलाः संहन्यन्ते, परेण वा पुद्गलाः संहन्यन्ते। स्वयं वा पुद्गला भिद्यन्ते, परेण वा पुद्गला भिद्यन्ते। इति।

'स्वयंवे'-ति स्वभावतो वा अभ्रादिष्विव संहन्यन्ते=सम्बध्यन्ते। (कर्मणः कर्तृत्वविवक्षायां प्रयोगोऽयम्) परेण वा=अन्येन वा पुरुषादिना संहन्यन्ते=संहताः क्रियन्ते। (कर्मणि वाच्ये प्रयोगोऽयम्)। एवं भिद्यन्ते=विकीर्यन्ते।

द्वयोः परमाण्वोः संघाताद् द्विप्रदेशी स्कन्धः समुद्भवति। द्विप्रदेशिनः

संघात (मिलने) से, भेद (बिछुडने) से तथा संघातभेदसे द्विप्रदेशी आदि स्कन्ध उत्पन्न होते हैं।

भगवानने स्थानाङ्गसूत्रमें कहा है—

"दो स्थानों से पुद्गल आपस में मिलते हैं, वह इस प्रकार—या तो पुद्गल स्वयं बादल आदि की तरह मिल जाते हैं, या दूसरे पुरुष आदि के द्वारा मिलाये जाते है, इसी प्रकार पुद्गल स्वयं अलग हो जाते हैं, या दूसरे के द्वारा अलग किये जाते हैं।

दो परमाणुओं के संघात से द्विप्रदेशी स्कन्ध बनता है, द्विप्रदेशी स्कन्ध

સંઘાત (મેલાપ)થી ભેદ (જુદા પડવા)થી તથા સંઘાત-ભેદથી દ્વિપ્રદેશી વિગેરે સ્કંધ ઉત્પન્ન થાય છે. ભગવાને સ્થાનાઙ્ગસૂત્રમાં કહ્યું છે—

"બે સ્થાનોથી પુદ્ગલ પરસ્પર મળે છે. તે આ પ્રમાણે—પુદ્ગલ પોતે જ વાદળ આદિ પ્રમાણે મળી જાય છે, અથવા બીજા પુરુષ આદિના દ્વારા મેળવાય છે. એ પ્રમાણે પુદ્ગલ પોતે જ અગલ થઈ જાય છે, અથવા તો બીજાના દ્વારા અલગ કરી શકાય છે.

બે પરમાણુઓના સંઘાતથી (મળવાથી) દ્વિપ્રદેશી સ્કંધ બને છે. દ્વિપ્રદેશી સ્કંધ

जघन्यगुणस्निग्धयोर्द्वयोः, जघन्यगुणस्निग्धानां वा बहूनां परमाणुनां परस्परं बन्धो न भवति। तथा जघन्यगुणरूक्षयोः, जघन्यगुणरूक्षाणां वा परस्परं बन्धो न भवति। जघन्योऽपकृष्टतमः, गुणशब्दोऽत्र संख्यार्थकः। यथा एकगुणं, द्विगुणमित्यादिपदम्-एकसंख्यकद्विसंख्यकाद्यर्थबोधकम्। स्नेहादिगुणानां प्रकर्षापकर्षौ लोकप्रसिद्धौ। यथा-पानीयादजादुग्धं स्निग्धम्, अजादुग्धाद् गव्यं दुग्धम्, ततश्च महिषीदुग्धमित्युत्तरोत्तरं स्नेहप्रकर्षः।

एषामेव पूर्वं पूर्वं स्नेहापकर्षः। तथा चैकगुणस्निग्धस्यैकगुणस्निग्धेन, द्वयोर्बहूनां परमाणूनां परस्परं बन्धो न भवति। एकगुणरूक्षस्यैकगुणरूक्षेण च

जघन्यगुण स्निग्ध दो परमाणुओं का, अथवा बहुत परमाणुओं का परस्परमें बन्ध नहीं होता। इसी प्रकार जघन्यगुण रूक्ष दो या बहुत परमाणुओं का भी परस्पर में बन्ध नहीं होता। जघन्य का अर्थ यहाँ हीनतम समझना चाहिए। गुणशब्द यहां संख्या (डिगरी) का वाचक है, जैसे-एकगुना, दोगुना आदि पद एकसंख्यक द्विसंख्यक आदि अर्थ के वाचक हैं। स्निग्धता (चिकनाई) आदि गुणों की अधिकता और न्यूनता लोक में प्रसिद्ध है। जैसे पानी की अपेक्षा बकरी का दूध चिकना होता है। बकरी के दूधसे गौ का दूध अधिक चिकना होता है, और गौ के दूध की अपेक्षा भैंस का दूध अधिक चिकना होता है। इस प्रकार पानी आदिमें उत्तरोत्तर चिकनेपन की अधिकता है। इन्ही पानी आदि में पहलेर वालों में चिकनेपनकी न्यूनता है। इस प्रकार एक गुण स्निग्ध का, एक गुण स्निग्ध के साथ, दो या अधिक परमाणुओं का

જઘન્ય ગુણ સ્નિગ્ધ બે પરમાણુઓનો અથવા બહુ પરમાણુઓનો પરસ્પર બંધ થતો નથી, જઘન્યનો અર્થ અહિં હીનતમ સમજવો જોઇએ. ગુણ શબ્દ અહિં સંખ્યા (ડિગ્રી) નો વાચક છે. જેવી રીતે એક ગણા બે ગણા આદિ પદ એક સંખ્યક, દ્વિસંખ્યક આદિ અર્થનું વાચક છે. સ્નિગ્ધતા (ચિકણાપણું) આદિ ગુણોની અધિકતા અને ન્યૂનતા લોકમાં પ્રસિદ્ધ છે. જેમ પાણીની અપેક્ષાએ બકરીનું દૂધ ચિકણું હોય છે. બકરીના દૂધથી ગાયનું દૂધ અને ગાયના દૂધની અપેક્ષાએ ભેંસનું દૂધ વધારે સ્નિગ્ધ (ચિકણું) હોય છે. એ પ્રમાણે પાણી આદિમાં ઉત્તરોત્તર ચિકણાપણાની અધિકતા છે.

એ પાણી આદિમાં પહેલા-પહેલાનામાં ચિકણાપણાની ન્યૂનતા છે. એ પ્રમાણે એક ગુણ સ્નિગ્ધનો, એક ગુણ સ્નિગ્ધની સાથે, તથા બે અથવા અધિક પરમાણુઓનો

स्कन्धाद् बहिर्गतस्य परमाणोरन्येन परमाणुना संयोगे द्व्यणुकस्कन्ध उत्पद्यते। एवं संयोग-विभागाभ्यामपि त्रिविधाः स्कन्धा भवन्ति।

परमाणूनां बन्धस्य कारणम्—

परमाणुद्वयस्य परमाणूनां वा परस्परानुप्रवेशो न भवति, छिद्राभावात्, किन्तु तयोस्तेषां वा विस्रसागत्या परस्परं संयोगे सति स्निग्धरूक्षत्वगुण-सद्भावे परस्परं बन्धो भवति। ऐक्यपरिणामो बन्धः। तत्रायं विशेषः—

स्कंध से अलग हुआ परमाणु जब दूसरे परमाणु के साथ मिलता है तो दोनों के मेलसे नवीन द्वयणुक उत्पन्न हो जाता है। इस प्रकार संयोग और विभाग के द्वारा भाँति-भाँति के स्कन्ध उत्पन्न होते ही रहते हैं।

परमाणुओं के बन्ध का कारण

दो या अधिक परमाणु एक दूसरे में प्रवेश नहीं कर सकते, क्योंकि परमाणुओं में छिद्र नहीं होता, अलबत्त स्वाभाविक गति से दो या दो से अधिक परमाणुओं का परस्पर में संयोग होने पर उन में विद्यमान स्निग्धता और रूक्षता गुण के कारण उन का आपस में बन्ध हो जाता है। एकतारूप परिणमन को बन्ध कहते हैं। बन्ध के सम्बन्ध में इतना विशेष समझना चाहिए—

સ્કંધથી અલગ થયેલા પરમાણુ જ્યારે બીજા પરમાણુની સાથે મળે છે, તો બંનેના મળવાથી નવીન દ્વયણુક ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સંયોગ અને વિભાગ દ્વારા તરેહ-તરેહના સ્કંધ ઉત્પન્ન થયા કરે છે.

પરમાણુઓના બંધનું કારણ—

બે અથવા અધિક પરમાણુ એક બીજામાં પ્રવેશ કરી શકતા નથી, કેમકે પરમાણુઓમાં છિદ્ર નથી. અલબત સ્વાભાવિક ગતિથી બે અથવા બેથી અધિક પરમાણુઓનો પરસ્પર સંયોગ થવાથી તેમાં વિદ્યમાન સ્નિગ્ધતા અને રૂક્ષતાના ગુણના કારણે તેનો આપસમાં બંધ થઈ જાય છે. એકતારૂપ પરિણમનને બંધ કહે છે. બંધના સંબંધમાં એટલું વિશેષ સમજવું જોઈએ કેઃ—

एवं द्विगुणतः समारभ्य यावत् संख्यातासंख्यातानन्तगुणस्निग्धस्य पुद्गलस्य द्विगुणतः समारभ्य यावत् संख्यातासंख्यातानन्तगुणस्निग्धेन सर्वेण समगुणेन पुद्गलेन परस्परं बन्धो न भवति। तथा द्विगुणादिरूक्षस्य द्विगुणादिरूक्षेण सर्वेण समगुणेन यावदनन्तगुणरूक्षेण पुद्गलेन सह परस्परं बन्धो न भवति। यथा तुल्यबलगुणमल्लयोरुभयोर्मध्ये परस्परं कोऽपि कञ्चिदभिहन्तुं न प्रभवति।

इत्थं च तुल्यसंख्यके स्निग्धत्वे सति स्निग्धस्य स्निग्धेन सह बन्धो न भवति, तुल्यसंख्यके रूक्षत्वे सति रूक्षस्य रूक्षेण सह बन्धो न भवतीति सारांशः।

अथ जघन्यसिग्धस्य कीदृशेन स्निग्धेन सह परस्परं बन्धो भवति ?

इसी प्रकार द्विगुण से लेकर संख्यात असंख्यात और अनन्तगुण स्निग्ध पुद्गलका द्विगुण से लेकर संख्यात असंख्यात और अनन्तगुण स्निग्धतावाले समगुण पुद्गल के साथ आपस में बन्ध नहीं होता। तथा द्विगुण आदि रूक्ष समगुणवाले किसी भी पुद्गल के साथ बन्ध नहीं होता है। जैसे—समान बलवाले दो मल्लों में से कोई किसी को पराजित नहीं कर सकता।

इस प्रकार समान स्निग्धता होने पर स्निग्ध पुद्गलका स्निग्ध पुद्गल के साथ बन्ध नहीं होता है, और समान रूक्षता होने पर रूक्षका रूक्षके साथ भी बन्ध नहीं होता है।

शंका—जघन्य स्निग्ध का किस प्रकार के स्निग्ध पुद्गल के साथ परस्पर बन्ध होता है ?।

એ પ્રમાણે દ્વિગુણથી લઈને સંખ્યાત, અસંખ્યાત અને અનંતગુણ સ્નિગ્ધ પુદ્ગલનો દ્વિગુણથી લઈને સંખ્યાત, અસંખ્યાત, અને અનંતગુણ સ્નિગ્ધતાવાળા સમગુણ પુદ્ગલની સાથે આપસમાં બંધ થતો નથી. તથા દ્વિગુણ આદિ રૂક્ષ પુદ્ગલનો દ્વિગુણ આદિ રૂક્ષ સમગુણવાળા કોઈ પણ પુદ્ગલની સાથે બંધ થતો નથી. જેમ સમાન બળવાળા બે મલ્લોમાંથી કોઈ કોઇને પરાજિત કરી શકતા નથી.

એ પ્રમાણે સમાન સ્નિગ્ધતા હોવા છતાંય, સ્નિગ્ધ પુદ્ગલનો સ્નિગ્ધ પુદ્ગલની સાથે બંધ થતો નથી, અને સમાન રૂક્ષ હોવા છતાંય રૂક્ષનો રૂક્ષની સાથે પણ બંધ થતો નથી.

શંકા—જઘન્ય સ્નિગ્ધ પુદ્ગલનો કયા પ્રકારના સ્નિગ્ધ પુદ્ગલની સાથે પરસ્પર બંધ થાય છે ?

द्वयोर्बहूनां वा परमाणूनां परस्परं बन्धो न भवतीति फलितम् ।

ननु परमाणूनां सत्यपि संयोगे बन्धकारणीभूतस्निग्धत्वरूक्षत्वयोश्च सद्भावे कथं न जायते परस्परमेकत्वपरिणतिलक्षणो बन्धः ? इति ।

परमाणोस्तादृशपरिणमनशक्तेरभावात् । परिणामशक्तयश्च द्रव्याणां विचित्ररूपाः क्षेत्रकालाद्यनुरोधेन प्रयोगविस्रसापेक्षाः प्रभवन्ति । जघन्यगुणत्वेन दौर्बल्यादेव स्नेहो रूक्षो वा कश्चिद् पुद्गलं परिणामयितुं न समर्थः । यथा-तुल्यदुर्बलगुणमल्लयोरुभयोर्मध्ये परस्परं कोऽपि कश्चिदभिहन्तुं न प्रभवति, तस्माज्जघन्यगुणानां परस्परं बन्धो न भवतीति सिद्धम् ।

परस्पर बन्ध नहीं होता, और एक गुण रूक्षका एक गुण रूक्ष के साथ दो या अधिक परमाणुओं का परस्पर बन्ध नहीं होता, यह सिद्ध हुआ ।

शंका—परमाणुओं का संयोग मौजूद होने पर भी, और बन्ध के कारणभूत स्निग्धत्व तथा रूक्षत्व के विद्यमान होने पर भी बन्ध–एकतारूप परिणमन क्यों नहीं होता ?

समाधान—परमाणु में इस प्रकार के परिणमन की शक्ति का अभाव है । द्रव्यों की परिणमन शक्तियाँ क्षेत्र और काल के अनुरोध से प्रयत्न तथा स्वभाव की अपेक्षा रखती हुई नाना प्रकार की होती हैं । जघन्य गुणवाला होने के कारण निर्बल होने से स्निग्ध या रूक्ष परमाणु किसी पुद्गल को परिणत करने में समर्थ नहीं होता; जैसे समान दुर्बलतावाले दो मल्लों में से कोई किसी को पराजित नहीं कर सकता । अत एव यह सिद्ध हुआ कि जघन्य गुणवालों का परस्पर में बन्ध नहीं होता ।

પરસ્પર બંધ થતો નથી, અને એકગુણ રૂક્ષનો એકગુણ રૂક્ષની સાથે બે અથવા અધિક પરમાણુઓનો પરસ્પર બંધ થતો નથી.

શંકા–પરમાણુઓનો સંયોગ મોજૂદ હોવા છતાંય પણ, અને બંધના કારણભૂત સ્નિગ્ધત્વ (ચિકણાપણું) તથા રૂક્ષત્વ (લૂખાપણું) વિદ્યમાન હોવાં છતાંય બંધ–એકતારૂપ પરિણમન કેમ થતું નથી ?

સમાધાન–પરમાણુમાં એ પ્રકારની પરિણમનની શક્તિનો અભાવ છે, દ્રવ્યની પરિણમન શક્તિઓ ક્ષેત્ર અને કાલના અનુરોધથી, પ્રયત્ન તથા સ્વભાવની અપેક્ષા રાખતી થકી નાના પ્રકારની થાય છે. જઘન્ય ગુણવાળા હોવાના કારણે, નિર્બલ હોવાથી સ્નેહ અથવા રૂક્ષ પરમાણુ કોઈ પુદ્ગલને પરિણત કરવામાં સમર્થ થતું નથી. જેવી રીતે સમાન દુર્બળતાવાળા બે મલ્લોમાંથી કોઈ કોઇને પરાજિત કરી શકતા નથી. એટલા કારણથી સિદ્ધ થયું કે–જઘન્ય ગુણવાળાઓનો પરસ્પર બંધ થતો નથી.

एवमुक्तयुक्त्या द्विगुणादिस्निग्धस्य स्वस्वापेक्षयैकाधिकगुणस्निग्धेन सह बन्धो न भवति। द्विगुणस्निग्धस्यैकाधिकत्रिगुणस्निग्धः त्रिगुणस्निग्धस्य चतुर्गुणस्निग्ध एकाधिकः, इति हेतोर्द्विगुणस्निग्धस्य त्रिगुणस्निग्धेन सह बन्धो न भवति। इत्थं च स्निग्धपुद्गलस्यैकाधिकगुणस्निग्धपुद्गलेन सह बन्धो न भवतीति सारः।

द्विगुणादिस्निग्धस्य द्व्यधिकादिगुणस्निग्धेन बन्धो भवति। यथा द्विगुणस्निग्धस्य द्व्यधिकश्चतुर्गुणस्निग्धः। त्र्यधिकः पञ्चगुणस्निग्धः, चतुरधिकः

पूर्वोक्त युक्ति के अनुसार द्विगुण आदि स्निग्ध का अपनी अपनी अपेक्षा से एक गुण अधिक स्निग्ध के साथ बन्ध नहीं होता। द्विगुण स्निग्ध से एक अधिक का अर्थ है—त्रिगुण स्निग्ध, त्रिगुण स्निग्ध से एक अधिक चतुर्गुण स्निग्ध समझना चाहिये। इस रीति से अनन्त गुण स्निग्ध भी अपने से एक गुण हीन स्निग्ध की अपेक्षा एक गुण अधिक स्निग्ध है। अतः द्विगुण स्निग्ध का त्रिगुण स्निग्ध के साथ बन्ध नहीं होता। सारांश यह है कि—स्निग्ध पुद्गल का एक गुण अधिक पुद्गल के साथ बन्ध नहीं होता।

द्विगुण स्निग्ध आदि का दो गुण अधिक अर्थात् चार गुण स्निग्ध के साथ बन्ध हो जाता है, जैसे दो गुण स्निग्ध से दो गुण अधिक स्निग्ध का

પૂર્વોક્ત યુક્તિ પ્રમાણે દ્વિગુણ આદિ સ્નિગ્ધનો પોત-પોતાની અપેક્ષાથી એક ગુણ અધિક સ્નિગ્ધ સાથે બંધ થતો નથી. દ્વિગુણ સ્નિગ્ધથી એક અધિકનો અર્થ છે-ત્રિગુણ સ્નિગ્ધ, અને ત્રિગુણ સ્નિગ્ધથી એક અધિક ચતુર્ગુણ સ્નિગ્ધ સમજવો જોઇએ. એ પ્રમાણે અનન્ત ગુણ સ્નિગ્ધ પણ, પોતાનાથી એક ગુણ હીન સ્નિગ્ધની અપેક્ષાથી એક ગુણ અધિક સ્નિગ્ધ છે. તેથી દ્વિગુણ સ્નિગ્ધનો ત્રિગુણ સ્નિગ્ધની સાથે બંધ થતો નથી. સારાંશ એ છે કે:-સ્નિગ્ધ પુદ્ગલનો એક ગુણ અધિક સ્નિગ્ધ પુદ્ગલની સાથે બંધ થતો નથી.

દ્વિગુણ સ્નિગ્ધ આદિનો બે ગુણ અધિક અર્થાત્ ચાર ગુણ સ્નિગ્ધની સાથે બંધ થઈ જાય છે. જેમ-બે ગુણ સ્નિગ્ધથી બે ગુણ અધિક સ્નિગ્ધનો અર્થ ચાર

अत्रोच्यते-जघन्यस्निग्धस्य द्व्यधिकत्र्यधिकादिना स्निग्धेन बन्धो भवति, यथा एकगुणस्निग्धस्य । परमाणुपुद्गलस्य त्रिगुणस्निग्धेन परमाणुपुद्गलेन सह संयोगे सति बन्धो भवति । एवं एकगुणस्निग्धस्य चतुर्गुणपञ्चगुणयावत्संख्यातासंख्यातानन्तगुण. स्निग्धेन सह बन्धः ।

एकगुणस्निग्धस्यैकाधिकगुणस्निग्धेन (द्विगुणस्निग्धेन) तु न बन्धः, द्व्यधिकादिगुणस्निग्धेन च स्निग्धपुद्गलस्य बन्धविधानात् । एकाधिकगुणस्निग्धस्य पुद्गलस्य प्रतिविशिष्टपरिणमनशक्तेरभावात् । एकगुणस्निग्धस्यैकाधिको द्विगुणस्निग्धः ।

समाधान—जघन्य स्निग्ध पुद्गल का दो गुण (डिगरी) या तीन गुण अधिक स्निग्धतावाले पुद्गल के साथ बन्ध होता है । जैसे एक गुण स्निग्धतावाले परमाणु का तीन गुण स्निग्धता वाले परमाणु के साथ संयोग होने पर बन्ध हो जाता है । इसी प्रकार एक गुण (एक अंश) स्निग्धका चार, पांच, यहाँ तक कि संख्यात, असंख्यात एवं अनन्त गुण स्निग्ध के साथ बन्ध होता है ।

एक गुण स्निग्धका एक अधिक गुण स्निग्ध अर्थात् द्विगुण स्निग्ध के साथ बन्ध नहीं होता, क्योंकि दो गुण अधिक स्निग्धका स्निग्ध पुद्गल के साथ बन्ध बतलाया गया है । एक गुण अधिक स्निग्ध पुद्गल में विशेष प्रकार के परिणमन की शक्ति नहीं है । एक गुण स्निग्धतावाले की अपेक्षा एक गुण अधिक स्निग्ध जहाँ कहा जाय वहाँ दो गुण स्निग्धतावाला पुद्गल समझ लेना चाहिये ।

સમાધાન–જઘન્ય સ્નિગ્ધ પુદ્ગલના બે ગુણ (ડિગ્રી) અથવા ત્રણ ગુણ અધિક સ્નિગ્ધતાવાળા પુદ્ગલની સાથે બંધ થાય છે જેમકે:–એક ગુણ (ડિગ્રી) સ્નિગ્ધતાવાળા પરમાણુનો ત્રણ ગુણ (ડિગ્રી) સ્નિગ્ધતાવાળા પરમાણુની સાથે સંયોગ થઈ જાય તો બંધ થઈ જાય છે. તેવી રીતે એક ગુણ (ડિગ્રી) (અંશ) સ્નિગ્ધતાના ચાર, પાંચ, ત્યાં સુધી કે સંખ્યાત અસંખ્યાત એ પ્રમાણે અનંત ગુણ સ્નિગ્ધની સાથે બંધ થાય છે.

એક ગુણ સ્નિગ્ધતાનો એક અધિક ગુણ સ્નિગ્ધ અર્થાત્ દ્વિગુણ સ્નિગ્ધની સાથે બંધ થતો નથી, કેમકે બે ગુણ અધિક સ્નિગ્ધના સ્નિગ્ધ પુદ્ગલની સાથે બંધ બતાવ્યો છે, એક ગુણ અધિક સ્નિગ્ધ પુદ્ગલમાં વિશેષ પ્રકારનાં પરિણમનની શક્તિ નથી. એક ગુણ (ડિગ્રી) સ્નિગ્ધતાવાળાની અપેક્ષા એક ગુણ (ડિગ્રી) અધિક સ્નિગ્ધ જ્યાં કહેવાય ત્યાં બે ગુણ (ડિગ્રી) સ્નિગ્ધતાવાળા પુદ્ગલ સમજી લેવા જોઇએ.

जघन्यगुण (एकगुण) स्निग्धस्य अजघन्यगुण (द्विगुणाद्यनन्तगुणपर्यन्त)-स्निग्धस्य वा स्वस्वापेक्षयैकाधिकगुणरूक्षेण, पुनः स्वस्वापेक्षया द्व्यधिक-त्र्यधिक-चतुरधिकादि-गुणरूक्षेणापि वन्धो भवति। उक्तञ्च भगवता प्रज्ञापनासूत्रे-(१३)-त्रयोदशे परिणामपदे-"वंधणपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ?, गोयमा ! दुविहे पण्णत्ते, तंजहा-णिद्धवंधणपरिणामे य लुक्खवंधणपरिणामे य।"

समणिद्धयाए वन्धो, न होइ समलुक्खयाएवि ण होइ।
वेमायणिद्धलुक्ख-त्तणेण वंधो उ खंधाणं ॥१॥

छाया—वन्धनपरिणामो भदन्त ! कतिविधः प्रज्ञप्तः ?, गौतम !
द्विविधः प्रज्ञप्तस्तद्यथा-स्निग्धवन्धनपरिणामश्च, रूक्षवन्धनपरिणामश्च।
समस्निग्धतायां वन्धो न भवति, समरूक्षतायामपि न भवति।
विमात्रस्निग्धरूक्षत्वेन, वन्धस्तु स्कन्धानाम् ॥ १ ॥

नहीं होता। जघन्य गुण (एकगुण) स्निग्ध का अथवा अजघन्य गुण (दो से लगाकर अनन्त गुण तक) स्निग्ध का, अपने से एक गुण अधिक रूक्ष के साथ वन्ध होता है। और अपने अपने से दो अधिक, तीन अधिक, चार अधिक आदि रूक्ष पुद्गल के साथ भी बन्ध होता है। भगवान् ने प्रज्ञापना सूत्र के १३ वें परिणाम पदमें कहा हैं—

प्रश्न—"भगवान् ! वन्ध परिणाम कितने प्रकार का कहा गया है ?

उत्तर—गौतम ! दो प्रकार का कहा गया है—(१) स्निग्धवन्धनपरिणाम और (२) रूक्षबंधनपरिणाम।

समान स्निग्धता या समान रूक्षता होने पर बन्ध नहीं होता है, किन्तु विमात्र-अर्थात् अधिक का हीनके साथ, और हीनका अधिक के साथ, चाहे वे स्निग्ध हो या रूक्ष हो बन्ध हो जाता है ॥ १ ॥

નથી. જઘન્ય ગુણ (એક ગુણ) સ્નિગ્ધનો અથવા અજઘન્ય, (બેથી લઈને અનન્ત ગુણ સુધી) સ્નિગ્ધનો પોતાનાથી એક ગુણ અધિક રૂક્ષની સાથે બંધ થાય છે. અને પોતપોતાથી બે અધિક, ત્રણ અધિક, ચાર અધિક આદિ રૂક્ષ પુદ્ગલની સાથે પણ બંધ થાય છે, ભગવાને પ્રજ્ઞાપના સૂત્રના ૧૩મા પરિણામ પદમાં કહેલું છે—

પ્રશ્ન—" ભગવન્! બન્ધન-પરિણામ કેટલા પ્રકારનાં કહ્યાં છે ?

ઉત્તર—ગૌતમ ! બે પ્રકારનાં કહેલાં છે-(૧) સ્નિગ્ધબંધનપરિણામ અને (૧) રૂક્ષબંધનપરિણામ. "

સમાન સ્નિગ્ધતા અથવા સમાન રૂક્ષતા હોય તો બંધ થતો નથી. પરંતુ વિમાત્ર અર્થાત્ અધિકનો હીનની સાથે અને હીનનો અધિકની સાથે, ભલે તે સ્નિગ્ધ હોય કે રૂક્ષ હોય, બંધ થઈ જાય છે ॥ ૧ ॥

षड्गुणस्निग्धः, इत्यादि। त्रिगुणस्निग्धस्य द्व्यधिकः पञ्चगुणस्निग्धः, त्र्यधिकः षड्गुणस्निग्धः, चतुरधिकः सप्तगुणस्निग्धः, इत्यादि। चतुर्गुणस्निग्धस्य द्व्यधिकः षड्गुणस्निग्धः, त्र्यधिकः सप्तगुणस्निग्धः चतुरधिकः- अष्टगुणस्निग्धः। एवं पञ्चगुणस्निग्धादिसंख्यातासंख्यातानन्तगुणस्निग्धपर्यन्तस्य द्व्यधिकादिगुणस्निग्धेन सह बन्धो भावनीयः।

एवं जघन्यगुणरूक्षस्य, अजघन्यगुणरूक्षस्य च बन्धव्यवस्था बोध्या।

विसदृशपुद्गलबन्धः—

अथ विसदृशपुद्गलयोर्बन्धे कीदृशी व्यवस्था?

उच्यते-जघन्यगुणस्निग्धस्य, जघन्यगुणरूक्षेण सह बन्धो न भवति।

अर्थ चार गुण स्निग्ध, तीन गुण अधिक का अर्थ पांच गुण स्निग्ध, चार गुण अधिक का अर्थ छह गुण स्निग्ध, इत्यादि समझना चाहिए। चतुर्गुण स्निग्ध से द्व्यधिक-षड्गुण स्निग्ध, त्र्यधिक-सप्तगुण स्निग्ध, चतुरधिक-अष्टगुण स्निग्ध समझना चाहिए। इस प्रकार पञ्चगुण स्निग्ध आदि से संख्यात, असंख्यात अनन्त गुण स्निग्ध का दो गुण अधिक स्निग्ध के साथ बन्ध होता है। इस प्रकार जघन्य गुण रूक्ष का अजघन्य गुण रूक्ष के साथ बन्ध की व्यवस्था जाननी चाहिए।

विसदृश पुद्गलों का बन्ध—

प्रश्न—विसदृश अर्थात् परस्पर विरोधी पुद्गलों के बन्ध की क्या व्यवस्था है?

उत्तर—जघन्य गुण स्निग्ध का जघन्य गुण वाले रूक्ष पुद्गलके साथ बन्ध

ગુણ સ્નિગ્ધ, ત્રણ ગુણ અધિકનો અર્થ પાંચ ગુણ સ્નિગ્ધ, ચાર ગુણ અધિકનો અર્થ છ ગુણ સ્નિગ્ધ, એ પ્રમાણે સમજવું જોઈએ. ચતુર્ગુણ સ્નિગ્ધથી દ્વ્યધિક ષડ્ગુણ સ્નિગ્ધ, ત્ર્યધિક સપ્તગુણ સ્નિગ્ધ ચતુરધિક અષ્ટગુણ સ્નિગ્ધ સમજવું જોઈએ, એ પ્રમાણે પાંચ ગુણ સ્નિગ્ધ આદિથી સંખ્યાત, અસંખ્યાત અનન્તગુણ સ્નિગ્ધના બે ગુણ અધિક સ્નિગ્ધની સાથે બંધ થાય છે એ પ્રમાણે જઘન્ય ગુણ રૂક્ષની અજઘન્ય ગુણ રૂક્ષની સાથે બંધની વ્યવસ્થા જાણવી જોઈએ

વિસદૃશ પુદ્ગલોનો બંધ—

પ્રશ્ન–વિસદૃશ અર્થાત્ પરસ્પરવિરોધી પુદ્ગલોના બંધની શું વ્યવસ્થા છે?

ઉત્તર–જઘન્ય ગુણ સ્નિગ્ધનો જઘન્ય ગુણવાળા પુદ્ગલની સાથે બંધ થતો

॥ परमाणुबन्धव्यवस्थाकोष्ठकम् ॥

जघन्यगुण-(एकगुण)-स्निग्ध-रूक्षयोर्बन्धव्यवस्था ।

स्निग्धरूक्षसंख्या	सदृशानाम्		विसदृशानाम्
	स्निग्धस्य + स्निग्धेन सह	रूक्षस्य + रूक्षेण सह	स्निग्धस्य + रूक्षेण सह
जघन्यस्य (एकगुणस्य) जघन्येन (एकगुणेन) सह	बन्धाभावः	बन्धाभावः	बन्धाभावः
जघन्यस्य (एकगुणेन) + एकाधिकेन (द्विगुणेन) सह	बन्धाभावः	बन्धो भवति	बन्धो भवति
जघन्यस्य (एकगुणस्य) + द्व्यधिकादिगुणेन-(त्रिगुण-चतुर्गुणतः समारभ्य यावद् अनन्तगुणेन) सह	बन्धो भवति	बन्धो भवति	बन्धो भवति

अजघन्यगुण-(द्विगुणादि)-स्निग्धरूक्षयोर्बन्धव्यवस्था

स्निग्धरूक्ष÷संख्या	सदृशानाम्		विसदृशानाम्
	स्निग्धस्य + स्निग्धेन सह	रूक्षस्य + रूक्षेण सह	स्निग्धस्य + रूक्षेण सह
द्विगुणस्य + द्विगुणेन सह	बन्धाभावः	बन्धाभावः	बन्धो भवति
द्विगुणस्य + एकाधिकेन (त्रिगुणेन) सह	बन्धाभावः	बन्धाभावः	बन्धो भवति
द्विगुणस्य + द्व्यधिकादिगुणेन (चतुर्गुणपञ्चगुणतः समारभ्य यावद् अनन्तगुणेन) सह	बन्धो भवति	बन्धो भवति	बन्धो भवति

एवम् अजघन्यगुण-(त्रिगुणचतुर्गुणतः समारभ्यानन्तगुणपर्यन्त)-स्निग्धरूक्षयोः समगुणेन, एकाधिकगुणेन, द्व्यधिकादिगुणेन च सह बन्धव्यवस्था भावनीया ॥

णिद्धस्स णिद्धेण दुयाहिएण,
लुक्खस्स लुक्खेण दुयाहिएण ।
णिद्धस्स लुक्खेण उवेइ बन्धो,
जहण्णवज्जो विसमो समो वा ॥२॥
(प्रज्ञा० पद-१३)

छाया—स्निग्धस्य स्निग्धेन द्विकाधिकेन,
रूक्षस्य रूक्षेण द्विकाधिकेन ।
स्निग्धस्य रूक्षेण उपैति बन्धो,
जघन्यवर्जो विषमः समो वा ॥२॥" इति,
विसदृशस्य बन्धमाह—"णिद्धस्स लुक्खेण" इत्यादि ।

स्निग्धस्य रूक्षेण सह बंध उपैति=उपगतो भवति, जायत इत्यर्थः ।
यदि परमाणुर्जघन्यवर्जो विषमो समो वा भवेत् । ॥२॥
परमाणूनां बन्धव्यवस्थाकोष्ठकमग्रेऽवलोकनीयम् ।

दो गुण अधिक स्निग्ध के साथ स्निग्ध का बन्ध होता है । और दो गुण अधिक रूक्ष के साथ रूक्षका बन्ध होता है। अब विसदृश बन्धको कहते हैं—"णिद्धस्स लुक्खेण" इत्यादि। जघन्य गुणवाले परमाणु को छोडकर फिर चाहे वह विषम हो या सम हो स्निग्ध का रूक्ष के साथ बन्ध होता है ।

परमाणुओं की बन्धव्यवस्था का कोष्ठक पृष्ट १२१ देख लेवें ।

બે ગુણ અધિક સ્નિગ્ધ સાથે સ્નિગ્ધનો બંધ થાય છે. અને બે ગુણ અધિક રૂક્ષની સાથે રૂક્ષનો બન્ધ થાય છે. હવે વિસદૃશ બન્ધ કહે છે—"णिद्धस्स लुक्खेण" ઇત્યાદિ. જઘન્ય ગુણવાળા પરમાણુને છોડીને બીજા ગમે તે વિષમ હોય અથવા સમ હોય તે સ્નિગ્ધનો રૂક્ષની સાથે બંધ થાય છે.

પરમાણુઓની બંધવ્યવસ્થાનું કોષ્ઠક પેજ ૧૨૧માં જોઈ લેવું.

इन्द्रियपंचकम्५, मनोवाक्कायबलत्रयम्३, श्वासोच्छ्वासरूपः१, आयुश्चेति१ । एते दश माणाः संसारिणां यथासंभवं भवन्ति । नारकतिर्यंगादयः संसारिणो द्रव्यप्राणैरपि प्राणिनः । व्यपगतसमस्तकर्मसम्बन्धाः सिद्धास्तु केवलभावप्राणैरेव प्राणिनः सन्ति । भावप्राणाश्चतुर्विधाः–अनन्तज्ञानम् १, अनन्तवीर्यम् २, अनन्तसुखम् ३, अनाद्यनन्तस्थितिश्च४ । तत्रानन्तज्ञानात् क्षायोपशमिकपञ्चेन्द्रियाणि, अनन्तवीर्यरूपभावप्राणस्यानन्तांशेन मनोवाक्कायबलत्रयम् , अनन्तसुखाच्च-श्वासोच्छ्वासरूपः प्राणः समुद्भवति, तथा अनाद्यनन्तस्थितिरूप–भावप्राणतः सादि–सान्तरूप आयुःप्राणो जायते । एवं द्रव्यप्राणानां कारणं भावप्राणा इत्यवधेयम् ।

दशभेद हैं–पांच इन्द्रियाँ५, तीन बल–मनोबल, वचनबल और कायबल३, श्वासोच्छवास १ तथा आयु १, ये दश द्रव्यप्राण यथासम्भव संसारी जीवों के होते हैं । नारकी, तिर्यंच आदि संसारी जीवों में भी द्रव्यप्राण पाये जाते हैं, किन्तु सब प्रकार के कर्म–संबंध से रहित सिद्धो में सिर्फ भावप्राण ही होते हैं । सिद्ध जीव भावप्राणों के कारण ही प्राणी कहलाते हैं ।

भाव प्राणके चार भेद हैं–अनन्तज्ञान१, अनन्तवीर्य२, अनन्तसुख३, और अनादिअनन्तस्थिति४ । क्षयोपशम से उत्पन्न होने वाली पांच इन्द्रियाँ अनन्त ज्ञान का विकार (वैभाविक परिणमन) है, मन, वचन और काय–बल, अनन्तवीर्यरूप भावप्राणका विकार है, श्वासोच्छ्वास अनंतसुखरूप भावप्राणका विकार है, और सादिसान्त आयुरूप द्रव्यप्राण अनादि–अनंतस्थितिरूप भावप्राणका विकार है । इस प्रकार भावप्राण द्रव्यप्राणों के कारण है ।

દસ ભેદ છે—પાંચ ઇન્દ્રિયો૫, ત્રણ બળ અર્થાત્ મનોબલ, વચનબલ અને કાયબલ૩, શ્વાસોચ્છાસ૧, તથા આયુ૧, આ દસ દ્રવ્યપ્રાણ સાધારણ રીતે સંસારી જીવોને હોય છે. નારકી તિર્યંચ આદિ સંસારી જીવોમાં પણ દ્રવ્યપ્રાણ દેખાય છે, પરન્તુ સર્વ પ્રકારના કર્મ–સંબંધથી રહિત સિદ્ધોમાં માત્ર ભાવપ્રાણ જ હોય છે, સિદ્ધ જીવ ભાવપ્રાણોના કારણથી જ પ્રાણી કહેવાય છે.

ભાવપ્રાણના ચાર ભેદ છે–અનન્તજ્ઞાન, અનન્તવીર્ય, અનન્ત સુખ અને અનાદિ-અનન્ત સ્થિતિ, ક્ષયોપશમથી ઉત્પન્ન થવા વાળી પાંચ ઇન્દ્રિયો અનન્ત જ્ઞાનનો વિકાર (વૈભાવિક પરિણમન) છે, મન, વચન અને કાયબલ, અનંત વીર્યરૂપ ભાવ પ્રાણનો વિકાર છે, શ્વાસોચ્છ્વાસ તે અનંતસુખરૂપ ભાવપ્રાણનો વિકાર છે; અને સાદિ–સાન્ત આયુરૂપ દ્રવ્યપ્રાણ, અનાદિ અનંત સ્થિતિરૂપ ભાવપ્રાણનો વિકાર છે. એ પ્રમાણે ભાવપ્રાણ, દ્રવ્યપ્રાણોના કારણ છે.

अथ जीवास्तिकायः—

जीवशब्दार्थः—

जीवति प्राणान् धारयतीति जीवः। न च सिद्धानां प्राणसम्बन्धाभावादजीवत्वापत्तिरिति वाच्यम्, 'प्राणान् धारयती'-त्यत्र प्राणसामान्यविवक्षया पञ्चेन्द्रियप्रभृतिदशविधद्रव्यप्राणानामसत्त्वेऽपि सिद्धानां भावप्राणसद्भावेन जीवत्वसिद्धेरव्याहतत्वात्। प्रतिविशिष्टप्राणसम्बन्धे सति जीवनाज्जीवशब्दः प्रवर्तते।

प्राणा द्विविधाः—द्रव्यप्राणाः, भावप्राणाश्च। तत्र द्रव्यप्राणा दशविधाः

जीवास्तिकाय-

जीवशब्दका अर्थ—

जो जीता है अर्थात् प्राणों को धारण करता है, वह जीव कहलाता है। 'सिद्धों में प्राणों का अभाव होने से वे अजीव हो जायेंगे' यह कहना ठीक नहीं है। 'जो प्राणों को धारण करता है' इस कथन में प्राण-सामान्य की विवक्षा की गई है। सिद्धों में यद्यपि पांच-इन्द्रिय आदि दस प्रकार के द्रव्यप्राण नहीं हैं, तथापि भाव-प्राण पाये जाते हैं, और इन भाव-प्राणों के कारण सिद्ध भगवान् का जीवपन सिद्ध हो जाता है। विशिष्ट प्रकार के प्राणों का सम्बन्ध होने पर जीने वाले को जीव कहते हैं।

प्राण दो प्रकार के हैं-(१) द्रव्यप्राण और (२)-भावप्राण। द्रव्यप्राणों के

જીવાસ્તિકાય—

જીવ શબ્દનો અર્થ—

જે જીવે છે અર્થાત્ પ્રાણોને ધારણ કરે છે, તે જીવ કહેવાય છે. 'સિદ્ધોમાં પ્રાણોનો અભાવ હોવાથી તે અજીવ થઇ જશે,' એમ કહેવું તે ઠીક નથી. 'જે પ્રાણોને ધારણ કરે છે' એમ કહેવામાં પ્રાણ-સામાન્યની વિવક્ષા કરી છે. સિદ્ધોમાં જો કે પાંચ ઇન્દ્રિયો આદિ દસ પ્રકારના દ્રવ્ય-પ્રાણ નથી, તો પણ ભાવ-પ્રાણ હોય છે, અને તે ભાવ-પ્રાણોના કારણે સિદ્ધ ભગવાનનું જીવપણું સિદ્ધ થાય છે. વિશિષ્ટ પ્રકારના પ્રાણોનો સંબંધ હોવાના કારણે જીવવા વાળાને જીવ કહે છે.

પ્રાણ બે પ્રકારના છે—(૧) દ્રવ્ય-પ્રાણ અને (૨) ભાવ-પ્રાણ, દ્રવ્ય પ્રાણોના

भवन्ति, अत एवात्मपर्यायवर्त्ती भावः पञ्चविधो भवति—(१) औपशमिकः, (२) क्षायिकः, (३) क्षायोपशमिकः, (४) औदयिकः, (५) पारिणामिकश्चेति ।

(१) औपशमिकभावः—

(१) मोहनीयकर्मणो भस्मावच्छन्नवह्निवदनुद्रेकावस्था, प्रदेशतोऽप्यु-दयाभावश्च उपशमः । उद्रेकरूपेण प्रदेशरूपेण च द्विविधस्याप्युदयस्य यथाशक्ति निरोधः । इत्थम्भूतश्चोपशमः सर्वोपशम उच्यते । उपशमेन निर्वृत्त औपशमिकः-क्रोधादिकषायोदयाभावरूपोपशमस्य फलरूपो जीवस्य परमशान्तावस्थालक्षण-परिणामविशेषः । स चात्मनः शुद्धिविशेषः । यथा-कतकचूर्णमक्षेपेण पङ्कादि-

---

पांच प्रकारका है-(१)-औपशमिक, (२)-क्षायिक, (३)-क्षायोपशमिक, (४)-औदयिक और (५)-पारिणामिक ।

(१) औपशमिक भाव—

राख से ढँकी हुई अग्नि के समान मोहनीय कर्म की अनुद्रेक अवस्था, एवं प्रदेश की अपेक्षा भी उदय न होना उपशम कहलाता है । अर्थात् उद्रेकरूप से, तथा प्रदेशरूप से-दोनों प्रकार के उदय का यथाशक्ति रुकना उपशम है । इस प्रकार का उपशम सर्वोपशम कहलाता है । जो उपशम से हो उसे औपशमिक कहते हैं । अर्थात् क्रोध आदि कषायों के उदयाभावरूप उपशम का फलरूप जीव, उसका परमशान्त अवस्थारूप परिणाम औपशमिक कहलाता है । यह आत्मा की एक प्रकार की शुद्धि है । जैसे कि-कतकचूर्ण (निर्मलीफल का चूरा) तथा फिटकडी आदि का चूरा डालने से जलका

પ્રકારના છે (૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) ક્ષાયોપશમિક (૪) ઔદયિક અને (૫) પારિણામિક.

(૧) ઔપશમિક ભાવ—

રાખથી ઢાંકેલા અગ્નિ સમાન મોહનીય કર્મની અનુદ્રેક અવસ્થા, એવં પ્રદેશની અપેક્ષા પણ ઉદય ન હોય તે ઉપશમ કહેવાય છે. અર્થાત્ ઉદ્રેકરૂપથી તથા પ્રદેશરૂપથી-બંને પ્રકારના ઉદયનું યથાશક્તિ રોકાવું તે ઉપશમ છે. આ પ્રકારનો ઉપશમ સર્વોપશમ કહેવાય છે. જે ઉપશમથી હોય તેને ઔપશમિક કહે છે. અર્થાત્ ક્રોધ આદિ કષાયોના ઉદયાભાવરૂપ ઉપશમના ફલરૂપ જીવ, તેના પરમ શાન્ત અવસ્થારૂપ પરિણામ ઔપશમિક કહેવાય છે.

એ આત્માની એક પ્રકારની શુદ્ધિ છે; જેમકે કતકચૂર્ણ (નિર્મલીફલનું ચૂર્ણ) તથા

अथ जीवस्य स्वरूपम्—

